# સંપાદકીય

## વિશ્વકપમાં આપણે

ઈંગ્લેન્ડમાં ૧૨મા વિશ્વકપની ધમાકેદાર શરૂઆત થઈ ચૂકી છે. ભારત માટે આ ખુશી અને ઉત્સાહનો અવસર છે. ભારતમાં ક્રિકેટ એવી ઉપયોગી રમત બની ચૂકી છે, જે લોકોને ધર્મ, સંપ્રદાય, જાતિથી ઉપર લઈ જઈને પરસ્પર જોડે અને પ્રેરિત કરે છે. ભારત જોકે બે વખત (૧૯૮૩ અને ૨૦૧૧) વિશ્વકપ જીતી ચૂક્યું છે, એક વખત ફાઇનલ (૨૦૦૩)માં પહોંચી ચૂક્યું છે અને ત્રણ વખત (૧૯૮૭, ૧૯૯૬, ૨૦૧૫) સેમીફાઇનલમાં રમી ચૂક્યું છે, તેથી આપણે કહી શકીએ કે ક્રિકેટ એવી રમત છે જેમાં આપણે ગત દાયકાઓમાં ટોચ પર કે ટોચની નજીક જ રહ્યા છીએ. ભારતમાં ક્રિકેટની ખ્યાતિને એ રીતે પણ સમજી શકાય છે કે કોઈપણ અન્ય રમતના કોઈપણ ખેલાડીને નહીં, બલ્કે ફક્ત ક્રિકેટના એક ખેલાડી સચિન તેંડુલકરને આપણે ભારત રત્નથી નવાજ્યો છે. ભારતમાં ક્રિકેટ આપણા જીવન અને આપણી અર્થવ્યવસ્થાનો એક મહત્ત્વપૂર્ણ હિસ્સો છે. અહીં ક્રિકેટ અબજો રૂપિયાનો વેપાર છે, તો લાખો લોકોનો રોજગાર પણ. દેખીતું છે, એવા દેશમાં હવે ૩૦ મેથી ૧૪ જુલાઈ સુધી ખૂબ હલચલ રહેશે. આ વખતે દસ ટીમો એકબીજા સામે મુકાબલામાં ઉતરશે અને શ્રેષ્ઠતમ ચાર ટીમો સેમીફાઇનલમાં રમશે. આ વખતે વર્લ્ડકપનું ફોર્મેટ બહુ પ્રશંસનીય છે, તેમાં કોઈપણ પ્રતિભાવાન ટીમ પાસે પૂરતી તકો રહેશે અને તે એક-બે હાર છતાં સેમીફાઇનલ સુધી પહોંચવા ઝઝૂમી શકશે. અફસોસ કે પહેલાંના ફોર્મેટમાં સારી ટીમો પણ એક કે બે દિવસ ખરાબ રમીને બહાર થઈ જતી હતી.

જોકે ભારતીય ક્રિકેટ પ્રેમીઓના મનમાં આજે એક જ સવાલ હશે કે શું ભારતીય ક્રિકેટ ટીમ ફરીથી વિશ્વકપ જીતશે? તથ્યો સાક્ષી છે કે અનુભવ મામલે આપણી ક્રિકેટ ટીમ દુનિયામાં સૌથી શાનદાર છે, પરંતુ ઇંગ્લેન્ડમાં તેના વર્તમાન પ્રદર્શન પર બધું જ નિર્ભર કરશે. વિરાટ કોહલીના નેતૃત્વમાં ઇંગ્લેન્ડ ગયેલી ટીમ કોઈ પણ મામલે કમ નથી અને મજબૂત વિશ્વાસ જગાવે છે. ભારત જ્યારે ૧૯૮૩ અને ૨૦૧૧માં વિશ્વ કપ જીત્યું હતું, ત્યારે પ્રતિભા, ટેકનિક અને ટીમ ભાવનાએ જ કમાલ દેખાડી હતી. એવી કોઈ ટીમ નથી, જેને હાલની ભારતીય ટીમ હરાવી ન શકે. ઇંગ્લેન્ડમાં વિશ્વકપ પહેલાં અભ્યાસ મેચમાં ભારતે જે પ્રકારનું પ્રદર્શન કર્યું, તે દર્શાવે છે કે ટીમને કેટલાય મોરચે મોટા સુધારની જરૂર છે. બાંગ્લાદેશ સામેની અભ્યાસ મેચમાં જોકે ઘણા સુધારા દેખાયા. વિરાટ કોહલી અને મહેન્દ્ર સિંહ ધોની, બંને ઝઝૂમી શકે તેવા ખેલાડી છે અને ૨૦૧૧ની વિજેતા ટીમના સભ્ય રહી ચૂક્યા છે, તેમને ખબર છે અથવા તેમણે યાદ કરવું જોઈએ કે તેઓ ત્યારે કઈ રીતે જીત્યા હતા. ટીમમાં બધા પોતાની ભૂમિકાને અનુરૂપ પ્રદર્શન કરે અને ખરા ઉતરે, દેશ એ જ જોવા માંગે છે. ધ્યાન રાખવું પડશે કે રમતમાં અંતે જીતનું જ મહત્ત્વ છે. અનુશાસન દેખાડવાની સાથે જ જીત માટે આક્રમકતા પણ જરૂરી છે. આક્રમકતા અને અનુભવનું મિશ્રણ ભારત માટે નિર્ણાયક રહેશે. ભારત ક્રિકેટમાં નેતૃત્વ કરનારો દેશ છે, લગભગ ૭૦ ટકા કમાણી ક્રિકેટને ભારતથી જ થાય છે. સૌથી વધારે ક્રિકેટ પ્રેમી ભારતમાં જ રહે છે, પરંતુ દબાણ વધારનારાં આ તથ્યોથી ભારતીય ટીમે બચવું પડશે. લ-ય ફક્ત એક રહે કે સર્વશ્રેષ્ઠ રમવાનું છે, પછી જીત પાક્કી જ છે.

# પ્રાદેશિક ગઢોના ખરતા કાંગરા

## સમાવેશી નીતિ બનાવવા અને સંસાધનોના વિતરણનો દાયરો ન્યાયપૂર્ણ રીતે વધારવાને બદલે આ પાર્ટીઓ પોતાના ખાસ કે અપેક્ષાકૃત તાકાતવર લોકોને ખુશ કરીને જ રાજનીતિ ચલાવતી રહી



આ સામાન્ય ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીની ભારે જીતનું વિશ્લેષણ તમામ રીતે ચાલુ છે. તેનું સૌથી મોટું કારણ એ છે કે રાજનીતિના જાતીય સમીકરણોમાં ભાજપે એક મહત્ત્વપૂર્ણ બદલાવ કર્યો છે, જેની દૂરગામી અસર ભારતીય રાજનીતિમાં પડશે. મંડલ પંચની ભલામણો લાગુ થયા બાદ આ દેશનું બીજું સૌથી મોટું સામાજિક-રાજકીય પરિવર્તન કહી શકાય. મંડલ પંચની ભલામણોને લાગુ થયા બાદ ભારતીય રાજકારણમાં પ્રાદેશિક પક્ષોની ભૂમિકા બહુ મહત્ત્વપૂર્ણ થઈ ગઈ. આ પ્રાદેશિક પક્ષો મોટાભાગે જનતા પાર્ટીની તૂટ-ફૂટથી બનેલી હતી કે કોંગ્રેસના કેન્દ્રીય આધિપત્યના વિરોધમાં સ્થાનિક અસ્મિતાના સવાલ પર ઊભી થઈ હતી. આ પાર્ટીઓનો આધાર મુખ્ય રૂપે પછાત જાતિઓ હતી કે બસપાની જેમ દલિત સમૂહો હતા. મુસ્લિમ અલ્પસંખ્યક સમુદાય પણ ભારતમાં લગભગ કોઈ પછાત સમુદાય જેવો જ છે, તેથી મુલાયમ સિંહ યાદવ કે લાલુ પ્રસાદ યાદવ જેવા નેતાઓ સાથે મુસલમાનો જોડાઈ ગયા હતા. એવું લાગતું હતું કે હવે ભારતની રાજનીતિનું ભવિષ્ય આ જ પ્રાદેશિક પાર્ટીઓ સાથે જોડાયેલું છે અને કોંગ્રેસ કે ભાજપ જેવી પાર્ટીઓને જો કેન્દ્રમાં રાજ કરવું હોય તો આ પાર્ટીઓની સાથે સત્તામાં ભાગીદારી કરવી પડશે, અને મોટાભાગનાં રાજ્યોમાં તેમણે આ પાર્ટીઓ પર જ નિર્ભર થવું પડશે. લોકસભામાં ભાજપે પાછલી ચૂંટણીમાં પણ પૂર્ણ બહુમતી મેળવી હતી અને હવે વધારે મોટી બહુમતી મેળવી છે. પ્રાદેશિક પાર્ટીઓ ભાજપને રોકવા કે તેને પોતાની ઉપર નિર્ભર બનાવવામાં નિષ્ફળ રહી છે. તેનું એક મોટું કારણ આ પાર્ટીઓના ચરિત્રમાં બદલાવ છે.

ક્યારેક આ પ્રાદેશિક પાર્ટીઓ વધારે વ્યાપક સમૂહોનું પ્રતિનિધિત્વ કરતી હતી. જેમ કે મુલાયમ સિંહ યાદવના નેતૃત્વમાં સમાજવાદી પાર્ટીમાં તમામ પછાત સમૂહો એકત્ર હતા. યાદવો ઉપરાંત રાજભર, કુર્મી વગેરે જાતિઓ પણ તેમની સાથે હતી. આ જ સ્થિતિ રાજદની પણ હતી, જેની સાથે પછાતો ઉપરાંત કેટલીક દલિત જાતિઓ પણ હતી.એ જ રીતે ઉત્તર પ્રદેશમાં બસપા વ્યાપક રૂપે દલિતોની પાર્ટી હતી, બલ્કે દેશભરના દલિત તેની તરફ આશા રાખતા હતા.

હવે આ પાર્ટીઓનો આધાર સ્વાર્થી રાજકારણને લીધે સંકુચિત થઈ ગયો છે. અન્ય પછાતો કે દલિત સમુદાયોને એ ફરિયાદ થવા લાગી કે આ પાર્ટીઓમાં કોઈ એક વિશેષ જાતિને પ્રાથમિકતા આપવામાં આવે છે અને તેમની ઉપેક્ષા થઈ રહી છે, કે સત્તાના લાભની બરાબર વહેંચણી નથી થઈ રહી. આ પાર્ટીઓનું નેતૃત્વ કોઈ એક મોટા નેતા કે પરિવારની પાસે જ હતું, તેથી એમના પર એ આરોપ લાગ્યો કે તે પોતાની જાતિને વધારે મહત્ત્વ આપે છે. ધીમે ધીમે સપા અને રાજદની ઓળખ યાદવોની પાર્ટી સુધી સીમિત રહી ગઈ. બસપા પણ ઉત્તર પ્રદેશના જાટવોની પાર્ટી બની ગઈ. કર્ણાટકમાં દેવેગૌડાની પાર્ટી વોક્કાલિગાની પાર્ટી બની ગઈ. આ સમસ્યા દરેક ઠેકાણે દેખાઈ. હરિયાણામાં ચૌટાલા અને હુડ્ડા પરિવારોથી એ ફરિયાદ રહી કે તેમની રાજનીતિ જાટો સુધી સીમિત છે, તો મહારાષ્ટ્રમાં કોંગ્રેસ, એનસીપીની રાજનીતિમાં મરાઠા વર્ચસ્વ વિરુદ્ધ અસંતોષ વધવા લાગ્યો. પોતાનો જનાધાર સીમિત કરીને આ પાર્ટીઓ પોતાની તાકાત પણ ગુમાવવા લાગી. તાકાત ઓછી થવાના અંદેશાથી અસુરિક્ષત થઈને નેતા પોતાની બુનિયાદ એટલે કે પોતાની જાતિ સાથે વધારે જોડાતા ગયા, જ્યારે અન્ય જાતિઓ તેમનાથી વધુ દૂર જવા લાગી. સમાવેશી નીતિ બનાવવા અને સંસાધનોના વિતરણનો દાયરો ન્યાયપૂર્ણ રીતે વધારવાને બદલે આ પાર્ટીઓ પોતાના ખાસ કે અપેક્ષાકૃત તાકાતવર લોકોને ખુશ કરીને જ રાજનીતિ ચલાવતી રહી. સામાજિક ન્યાયની એક સુવિધાજનક વ્યાખ્યા તેમણે પોતાના લોકોને જ લાભો આપવામાં કરી નાખી. પ્રભાવનો દાયરો વધારવાને બદલે પોતાના લોકો પ્રત્યે વફાદારી તેમને મહત્ત્વપૂર્ણ લાગી, જેનું પરિણામ આજે જોવા મળી રહ્યું છે.

આ પાર્ટીઓ અપેક્ષાકૃત શક્તિશાળી જાતિઓના વર્ચસ્વવાળી પાર્ટીઓ છે, તેથી સામાજિક-આર્થિક રીતે બહેતર થવાનો અવકાશ પણ આ જાતિઓના કેટલાક હિસ્સા માટે વધારે છે. હંમેશાં જ્યારે લોકો સામાજિક, આર્થિક અને શૈક્ષણિક સ્તર પર બહેતર સ્થિતિમાં પહોંચે છે, ત્યારે તેમને જાતિના સંરક્ષણની જરૂર એટલી નથી રહેતી કે તેમની વર્ગીય ઓળખ જાતિગત ઓળખના મુકાબલે કંઈક વધુ મજબૂત થતી જાય છે. એવામાં જરૂરી નથી કે તે પોતાની જાતિના આધાર પર જ વોટ આપે. બની શકે કે તેઓ કોઈ બીજા કારણે ભાજપ કે અન્ય પાર્ટીને વોટ આપે. એવું પાછલી ચૂંટણીમાં જોવામાં આવ્યું છે. સમૃદ્ધિ અને સત્તાના અસમાન વિતરણથી વર્ચસ્વશાળી જાતિના વંચિત સભ્યો પમ અસંતુષ્ટ હોઇ શકે છે, જેવું કે જાટ અને મરાઠાના આંદોલનોમાં જોવામાં આવ્યું છે. એવામાં, તો જાતિના પરંપરાગત નેતૃત્વથી છટકી પણ શકે છે. તે ઉપરાંત, લાલુ પ્રસાદ યાદવ, મુલાયમ સિંહ યાદવ, શરદ પવાર અને એચડી દેવેગૌડા પ્રત્યે લોકોની જે વફાદારી છે, તે તેજસ્વી યાદવ, અખિલેશ યાદવ, પાર્થ પવાર કે નિખિલ દેવેગૌડાને વારસામાં પૂરેપૂરી ન મળી શકે. ભાજપે બહુ મહેનતથી આ પ્રાદેશિક પાર્ટીઓથી અસંતુષ્ટ પછાત અને દલિત જાતિઓ વચ્ચે કામ કર્યું અન તેમના અસંતોષને વધારે હવા પણ આપી. આ નાના-નાના સમૂહોનું કુલ સંખ્યા બળ વર્ચસ્વશાળી જાતિઓના વોટો કરતાં વધારે બેસે છે. વિકાસમાં ભાગીદારી અને હિંદુત્વના પાશે આ જાતિઓને ભાજપના ઉચ્ચ વર્ણીય આધાર સાથે જોડી દીધી. તેથી ભાજપે જે મુખ્યમંત્રી બનાવ્યા છે, તેમાં વર્ચસ્વશાળી પછાત જાતિઓ ગાયબ છે. તેમાં ક્યાંક બ્રાહ્મણ, ક્યાંક રાજપૂત તો ક્યાંક પંજાબી ખત્રી છે, જે બધા ઉચ્ચવર્ણીય છે. એવું નથી કે રાજકારણમાં પછાતો અને દલિતોનું મહત્ત્વ ઘટી ગયું છે, પરંતુ તેમના રાજકીય આધાર વહેંચાઈ જવાથી તેમની તાકાત ઓછી થઈ ગઈ છે અને નેતૃત્વ પણ તેમનાથી છીનવાઈ જવાનો ખતરો ઊભો થઈ ગયો છે. ભાજપના હિંદુત્વને કારણે અલ્પસંખ્યક ભાજપ વિરોધી પાર્ટીઓને વોટ આપવા માટે મજબૂર છે, પરંતુ વિકલ્પની ઈચ્છા તેના મનમાં પણ છે. પોતાના આધારને વિસ્તૃત કરવા માટે આ પાર્ટીઓના નેતાઓને પોતાનો સંકુચિત દૃષ્ટિકોણ બદલવો પડશે, ખરેખર સામાજિક ન્યાયના સિદ્ધાંતને અપનાવવો પડશે અને પોતાની જાતિના દાયરાની બહાર જોવો પડશે. સામાજિક ન્યાયની લડાઈ પોતાના સુરિક્ષત અને આરામદેહ કિલ્લામાં રહીને નહીં લડી શકાય.

## ટ્યુશન કલાસ, શાળા, હોસ્પિટલને ત્રણ દિ'માં સાધનો વસાવવા આદેશ

સુરતના અગ્નિકાંડ બાદ રાજકોટ સહિત રાજ્યભરમાં ટ્યુશન કલાસ, હોટલ, ગેસ્ટહાઉસ, રેસ્ટોરેન્ટ, શૈક્ષણિક સંસ્થા, મોલમાં ફાયર સેફ્ટીના સાધનની ચકાસણી કરવામાં આવી હતી. તેમાં રાજકોટ જિલ્લામાં ૫૪૩ જગ્યાએ ચેકીંગ કરવામાં આવ્યા બાદ ૪૨૭ સ્થળોએ ફાયર સેફ્ટીના સાધનો ન હોવાનું માલુમ પડતા તમામ આસામીઓને નોટીસ ફટકારી ત્રણ દિવસમાં ફાયર સેફ્ટીના સાધનો વસાવી લેવાનું કલેકટરે અલ્ટીમેટમ આપ્યું છે. રાજકોટ જિલ્લામાં ત્રણ દિવસમાં નગરપાલિકા વિસ્તારમાં આવતા ટ્યુશન કલાસ, શૈક્ષણિક સંસ્થા, હોસ્પિટલ, હોટલ, ગેસ્ટહાઉસ, રેસ્ટોરન્ટ, મોલમાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું.

# અભિનેત્રીઓ અને પિતા-પુત્રની જોડી

બચ્ચન પરિવાર એટલે અમિતાભ અને તેના પુત્ર અભિષેક. અમિતાભ બચ્ચનની લાંબી કારકિર્દીને કારણે તેમણે જૂની અને નવી પેઢીની અભિનેત્રીઓ સાથે કામ કર્યું છે અને તે જ કારણસર તેમાંની ઘણી અભિનેત્રીઓ અભિષેક સાથે પણ કામ કરી ચૂકી છે.બચ્ચન પરિવારની વાત કરીએ એટલે સ્વાભાવિક છે તેના પરિવારમાં જે બે અભિનેત્રીઓનો છે તેનો ઉલ્લેખ પહેલો કરવો રહ્યો. એક છે જયા બચ્ચન અને અન્ય છે ઐશ્વર્યા.લગ્ન પહેલા અને પછી જયા અને અમિતાભે અનેક ફિલ્મો કરી છે — ઝંઝીર, એક નઝર, અભિમાન, મીલી, ચુપકે ચુપકે, શોલે, બંસીબિરજુ, લાગા ચુનરી મેં દાગ, કભી ખુશી કભી ગમ, સિલસિલા.તો અભિષેક સાથે જે ફિલ્મો કરી છે તે છે દેશ (બંગાળી) અને દ્રોણ.ઐશ્વર્યાએ અમિતાભ સાથે મોહબ્બતેમાં કામ કર્યું છે તો અભિષેક સાથે ઢાઈ અક્ષર પ્રેમ કા, કુછ ના કહો, ઉમરાવજાન, ધૂમ ૨, ગુરૂ, રાવણ અને ખાકીમાં કામ કર્યું છે. આ ઉપરાંત ફિલ્મ સરકાર રાજમાં પિતા-પુત્રની જોડી સાથે પણ કામ કર્યું છે.બંટી બબલી ફિલ્મમાં તે એક નૃત્યગીતમાં પણ પિતા-પુત્ર સાથે હતી જે ગીતે ધૂમ મચાવી હતી.રેખાએ અમિતાભ બચ્ચન સાથે અનેક ફિલ્મો કરી છે — નમકહરામ, દો અનજાને, આલાપ, ઈમાનધરમ, ખુનપસીના, ગંગા કી સૌગંધ, મુકદ્દર કા સિકંદર, મિ. નટવરલાલ, રામ બલારામ, સુહાગ, સિલસિલા.તો તેણે અમિતાભ અને અભિષેકની જોડી સાથે ફિલ્મ 'શમિતાભ'માં કામ કર્યું છે.વહીદા રહેમાને અમિતાભ સાથે જે ફિલ્મો કરી છે તે છે — નમકહલાલ, કભી કભી, રેશમા ઔર શેરા, ત્રિશુલ, મહાન, કુલી.અભિષેક સાથે કરેલી ફિલ્મો છે ઓમ જય જગદીશ અને દિલ્હી ૬.વહીદા રહેમાનના આ બંને સાથે કોઈ ગીત નથી એટલે તેનો ઉલ્લેખ નથી બિપાશા બાસુએ અમિતાભ સાથે જે ફિલ્મો કરી છે તે છે — આંખે અને એતબારતેણે અભિષેક સાથે કરેલી ફિલ્મ છે ઝમીન, ધૂમ ૨, દમ મારો દમ, પ્લેયર્સ.ધૂમ ૨નું ગીત અભિષેક અને બિપાશા પર રચાયું છે.રાની મુકરજીએ અમિતાભ સાથે કરેલી ફિલ્મો છે — બ્લેક, બાબુલ, કભી ખુશી કભી ગમ,અભિષેક સાથેની ફિલ્મો છે — બસ ઈતના સા ખ્વાબ હૈ, લાગા ચુનરી મેં દાગ, યુવા, એલઓસી કારગીલ.જે ફિલ્મોમાં પિતા-પુત્ર બંને સાથે કામ કર્યું છે તે છે બંટી ઔર બબલી અને કભી અલવિદા ના કહેના. કરીના કપૂર ખાન આ અભિનેત્રીએ બંને પિતા-પુત્ર સાથે એક કરતાં વધુ ફિલ્મોમાં કામ કર્યું છે.અમિતાભ સાથે કરેલી ફિલ્મો છે કભી ખુશી કભી ગમ, દેવ.અભિષેક સાથે ફિલ્મ રેફ્યુજી સાથે કારકિર્દી શરૂ કર્યા પછી તેની સાથે જે ફિલ્મો કરી છે તે છે મૈ પ્રેમ કી દીવાની, એલઓસી કારગીલ, યુવા અને સત્યાગ્રહ.પ્રિયંકાએ અમિતાભ સાથે એક જ ફિલ્મ કરી છે વક્તઃ રેસ અગેન્સ્ટ ટાઈમ, જ્યારે અભિષેક સાથે કરેલી ફિલ્મો છે દ્રોણ, દોસ્તાના અને બ્લફમાસ્ટર.કટરીનાએ અભિષેક સાથે ધૂમ ૩માં કામ કર્યું છે તો સરકારમાં આ બંને કલાકારો સાથે કામ કર્યું છે. ધૂમ ૩નુ ગીત બહુ ચર્ચિત રહ્યું.પ્રીતિ ઝીન્ટાએ અમિતાભ સાથે કામ કર્યું છે તે ફિલ્મો છે — અરમાન, લક્ષ્ય, ધ લાસ્ટ લિયર.અભિષેક સાથેની ફિલ્મ છે ઝૂમ બરાબર ઝૂમ.તેણે કભી અલવિદા ના કહેના ફિલ્મમાં પિતા-પુત્રની જોડી સાથે કામ કર્યું છે.ફિલ્મ કભી અલવિદા ના કહેનાના પાર્ટી ગીતે તો ત્યારે ધૂમ મચાવી હતી.શિલ્પાએ અમિતાભ સાથે એક ફિલ્મ કરી છે લાલ બાદશાહ અને અભિષેક સાથે બે ફિલ્મ કરી છે ફિર મિલેંગે અને દસ.વિદ્યા બાલનની એક જ ફિલ્મ છે પા જેમાં બંને પિતા-પુત્રએ, પુત્ર-પિતા તરીકે કામ કર્યું છે.દીપિકા પાદુકોણ આ અભિનેત્રીએ અમિતાભ સાથે કરેલી ફિલ્મો છે આરક્ષણ અને પીકુ અને અભિષેક સાથે કરેલી ફિલ્મો છે ખેલેંગે હમ જી જાન સે તથા હેપ્પી ન્યુ યર.પ્રીતિ ઝાંગિયાનીએ અમિતાભ સાથે મહોબ્બતેમાં તો અભિષેક સાથે એલઓસી કારગીલમાં કામ કર્યું છે.અક્ષરા હસન શમિતાભ ફિલ્મમાં દેખા દે છે.તાપસીએ બંને સાથે એક એક ફિલ્મ કરી છે — અમિતાભ સાથે પિંક અને અભિષેક સાથે મનમર્ઝીયા.

ઝીનત અમાને ધર્મેન્દ્ર સાથે કરેલી ફિલ્મો છે ધરમવીર, શાલીમાર, યાદો કી બારાત, જાગીર જ્યારે તેણે સની દેઓલ સાથે એક ફિલ્મ કરી છે સોહની મહેવાલ.ડિમ્પલ ખન્નાના નામે ધર્મેન્દ્ર સાથે ઘણી ફિલ્મો છે — ઈન્સાનિયત કે દુશ્મન, સિકલ, ગંગા તેરે દેશ મેં, બટવારા, શહેજાદે, મસ્ત કલંદર, દુશ્મન દેવતા અને હમ કૌન હૈ?તે જ રીતે સની દેઓલ સાથે પણ જે ફિલ્મો કરી છે તે છે અર્જુન, મંઝીલ મંઝીલ, આગ કા ગોલા, ગુનાહ, નરસિંહા.રાખીએ ધર્મેન્દ્ર સાથે તેમ જ તેના બે પુત્રો સની અને બોબી સાથે પણ ફિલ્મો કરી છે.ધર્મેન્દ્ર સાથેની ફિલ્મો છે જીવનમૃત્યુ અને બ્લેકમેલ. સની સાથે કરેલી ફિલ્મો છે ડકૈત, બોર્ડર અને ક્ષત્રિય. તો બોબી સાથે કરેલી ફિલ્મ છે સોલ્જર. જુહીએ પણ રાખીની જેમ ત્રણેય સાથે કામ કર્યું છે.ધર્મેન્દ્ર સાથે કરેલી ફિલ્મ છે સલ્તનત તો સની સાથેની ફિલ્મો છે સલ્તનત, લુટેરે, ઈજ્જત કી રોટી, અર્જુન પંડિત. બોબી સાથે એક જ ફિલ્મ છે દોસ્તી.શર્મિલાએ ધર્મેન્દ્ર સાથે ઘણી ફિલ્મો કરી છે. અનુપમા, દેવર, મેરે હમ દમ મેરે દોસ્ત, યકીન, સત્યકામ, ચુપકે ચુપકે, એક મહેલ હો સપનો કા, સની. સનીમાં સની દેઓલ પણ છે અને સની સાથેની અન્ય ફિલ્મ છે ફૂલ એન્ડ ફાઈનલ.વહિદાએ ધર્મેન્દ્ર સાથે કરેલી ફિલ્મો છે બાઝી, ખામોશી, મન કી આંખે જ્યારે ફિલ્મ સનીમાં પિતા-પુત્ર બંને હતા. સનીમાં અમૃતા સિંહ પણ સામેલ છે.શ્રીદેવીએ ફિલ્મ સલ્તનતમાં પિતા-પુત્ર બંને સાથે કામ કર્યું છે તો સની સાથે કરેલી ફિલ્મો છે આપ કી દુનિયા, જોશીલે, ચાલબાઝ, નિગાહે, મૈ તેરી દુશ્મન.શિલ્પાએ પિતા ધર્મેન્દ્ર અને બે પુત્રો સની અને બોબી સાથે એક ફિલ્મ કરી છે અપને. આ ફિલ્મમાં અન્ય બે અભિનેત્રીઓ પણ છે ક્ત્રીના કૈફ અને કિરણ ખેર એટલે તેમણે પણ આ પિતા-પુત્રની જોડી સાથે કામ કર્યું ગણાય.તો શિલ્પાએ સની સાથે કરેલી ફિલ્મો છે હિંમત, ઈન્ડિયન અને કર્ઝ. ફિલ્મ 'ઈન્ડિયન'નું યુગલ ગીત સની અને શિલ્પા પર રચાયું છે.

માધુરીએ ધર્મેન્દ્ર સાથે ખતરો કે ખિલાડી, ઈલાકા, પાપી દેવતા અને વર્દીમાં કામ કર્યું છે .વર્દીમાં સની દેઓલ પણ છે અને સની સાથે ત્રિદેવમાં પણ કામ કર્યું છે.નફીસા અલી સૌ પ્રથમવાર આવેલી ફિલ્મ યમલા પગલા દીવાના કે જેમાં ધર્મેન્દ્ર, સની અને બોબી ત્રણેયે કામ કર્યું છે તેમાં આ કલાકાર સંકળાયેલ છે. જે ગીત પરથી આ ફિલ્મનું શિર્ષક લેવાયું છે તે આમાં સામેલ છે જેમાં ત્રણેય દેખાય છે.ન કેવળ પહેલી ફિલ્મ યમલા પગલા દીવાનામાં સુચેતા હતી પણ તેની સિકવલ યમલા પગલા દીવાના ૨ માં પણ તે દેખાય છે. કિમી કાટકરે ધર્મેન્દ્ર અને સનીની એક ફિલ્મ વર્દીમાં સાથ આપ્યો છે.કંગનાએ ધર્મેન્દ્ર સાથે લાઈફ ઈન મેટ્રોમાં કામ કર્યું છે તો બોબી દેઓલ સાથે શાકાલાકા બુમબુમ અને વાદા રહામાં કામ કર્યું છે.રેખાએ ફિરોઝખાન સાથે કરેલી ફિલ્મો છે 'કશ્મકશ', 'નાગિન', 'ધર્માત્મા', 'કબીલા' તો ફરદીનખાન સાથે એક ફિલ્મ કરી છે 'ભૂત'.સેલીનાએ ફિરોઝખાન અને ફરદીનખાન સાથે 'જાનશીન'માં કામ કર્યું છે તો ફરદીનખાન સાથે 'નો એન્ટ્રી'માં કામ કર્યું છે.કોયેના મિત્રાએ બંને સાથે એક જ ફિલ્મ 'એક ખિલાડી એક હસીના'માં કામ કર્યું છે. રેખાએ સુનીલ દત્ત સાથે 'પ્રાણ જાયે પર વચન ન જાયે','ફાસલે', 'યે આગ કબ બુઝેગી', 'રામ કસમ' કરી છે જયારે સંજય દત્ત સાથે એક ફિલ્મ છે 'ઝમીન આસમાન'.રાખીએ આ બંને સાથે એક ફિલ્મ કરી છે 'ક્ષત્રિય', જ્યારે સુનીલ દત્ત સાથે 'શાન' અને સંજય દત્ત સાથે 'ઝમીન આસમાન' 'ખલનાયક' ફિલ્મો કરી છે. માધુરીએ સુનીલ દત્ત સાથે એક ફિલ્મ કરી છે 'ફૂલ' જ્યારે સંજય દત્ત સાથે 'ખતરો કે ખિલાડી', થાનેદાર', 'ખલનાયક', 'મહાનતા' અને 'સાજન' ફિલ્મમાં કામ કર્યું છે. માધુરી અને સંજય દત્ત ઉપર રચાયેલ ઘણા જાણીતા ગીતોમાંનું ફિલ્મ 'થાનેદાર'નું ગીત. મિનાક્ષી શેષાદ્રી ફિલ્મ 'ક્ષત્રિય'માં હતી.


**પારસ પેટ્રોફાઈલ્સ લીમીટેડ**

CIN: L17110GJ1991PLC015254

એડ: ૧લો માળ, ધમનવાળા કોમ્પ્લેક્ષ, એપલ હોસ્પિટલ ખટોડરા રોડ સામે, ઉધના સુરત- ૩૯૫૦૦૨, ગુજરાત ફો. : +૯૧-૯૮૨૫૫૬૮૦૯૬

ઈમેલ આઈડી : finance@paraspetrofils.com, વેબસાઈટ : www.paraspetrofils.co.in

(સેબી (લોડર) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના રેગ્યુલેશન ૪૭(૧) (બી) હેઠળ)
૩૧મી માર્ચ,૨૦૧૯ની ત્રિમાહી અને વર્ષના અંતે ઓડીટેડ સ્ટેંડલોન નાણાંકીય પરિણામ નું સ્ટેન્ડલોન નું સરવૈયુ

(રકમ લાખમાં)

| વિગતો | ત્રિમાસિક અંતે | | | વર્ષના અંતે | |
|---|---|---|---|---|---|
| | 31.03.2019 (ઓડીટેડ) | 31.12.2018 (અનઓડીટેડ) | 31.03.2018 (ઓડીટેડ) | 31.03.2019 (ઓડીટેડ) | 31.03.2018 (ઓડીટેડ) |
| સંચાલન થી કુલ આવક | 0.00 | 7.34 | 0.00 | 7.34 | 0.00 |
| ચોખ્ખો નફો/(નુકસાન) ટેક્સ પહેલાના સમયમાં એક્સપટીશનલ અને અસાધારણ/મદો થી ) | 6.14 | 38.81 | 85.62 | 56.55 | 114.88 |
| ચોખ્ખો નફો/(નુકસાન) ટેક્સ પછીના સમયમાં એક્સપટીશનલ અને અસાધારણ/મદો થી ) | 6.14 | 38.81 | 85.62 | 56.55 | -103.40 |
| ચોખ્ખો નફો/(નુકસાન) ટેક્સ પછીના સમયમાં એક્સપટીશનલ અને અસાધારણ/મદો થી ) | 6.14 | 38.81 | 85.62 | 56.55 | -103.40 |
| કુલ કોમ્પ્રેહેન્સીવ આવક માટે ના સમય )કોમ્પ્રાઇઝીંગ નફો./(નુકસાન ટેક્સ પછી ના સમયમા તથા અન્ય કોમ્પ્રેહેન્સીવ આવક ( ટેક્સ પછી)ની અવધિમાં | 6.14 | 38.81 | 85.62 | 56.55 | -103.40 |
| ઈક્વિટી શેયર્સ ની કેપીટલ | 3342.21 | 3342.21 | 3342.21 | 3342.21 | 3342.21 |
| (પ્રારંભિક વર્ષની ઓડીટેડ બૈલેન્સ શીટમાં દર્શાવેલ રેવેલ્યુજેશન રિઝર્વ સહિતની ) રિઝર્વ | - | - | - | -1340.35 | -1396.91 |
| પ્રતિ શેરની (અસાધારણ આઈટમો)થી આવક (૧/- રૂા. પ્રત્યેક)પ્રારંભિક વર્ષની ઓડીટેડ બેલેન્સ શીટમાં દર્શાવેલ) ૧. બેઝિક | 0.00 | 0.01 | 0.03 | 0.02 | -0.03 |
| ૨. ડાલ્યુટેડ | 0.00 | 0.01 | 0.00 | 0.02 | -0.00 |

નોંધ :- અહી ઉપરોક્ત જે ત્રિમાસિક/વાર્ષિક નાણાંકીય વર્ષનુ પરિણામ જે પદ્ધતિએ આપેલ છે તે સ્ટોક એક્ષચેન્જમાં સેબીની કલમ ૩૩ (લિસ્ટીંગ એન્ડ ઓબ્લીગેશન્સ અને ડિસક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ મુજબ ત્રૈમાસિક/વાર્ષિક નાણાંકીય પરિણામોની સંપૂર્ણ માહિતી સ્ટોક એક્સચેંજ ની વેબલાઈટ www.bseindia.com & www.nseindia.com અને કંપની વેબસાઈટ www.paraspetrofils.co.in ઉપર પણ ઉપલબ્ધ છે.

પારસ પેટ્રોફાઈલ્સ લીમીટેડ વતી
સહી/-
(ઉષા જૈન)
ડિરેક્ટર
ડિન : ૦૧૫૪૫૯૦૫

તારીખ : ૩૦/૦૫/૨૦૧૯
સ્થળ : સુરત



**SHUKRA JEWELLERY LIMITED**

Regd. Office: 3rd Floor, Panchdhara Complex, Near The Grand Bhagwati Hotel, S.G. Highway, Bodakdev, Ahmedabad 380 054. CIN NO.: L52393GJ1991PLC079516
Website: www.shukrajewellery.in Email: shukrajewellery@yahoo.co.in
Statement of Audited Financial Results for the Quarter/year ended 31st March, 2019
(RS. IN LAKH)

| Particulars | Quarter ended 31/03/2019 (Audited) | Quarter ended 31/03/2018 (Audited) | Year ended 31/03/2019 (Audited) |
|---|---|---|---|
| Total Income from operations (net) | 1439.03 | 3075.39 | 1920.48 |
| Net Profit/(Loss) for the period (before tax and exceptional items) | 54.90 | 23.06 | 35.53 |
| Net Profit/(Loss) for the period before tax (after exceptional items) | 54.90 | 23.06 | 35.53 |
| Net Profit/(Loss) for the period after tax (before Extraordinary items) | 42.57 | 14.46 | 23.20 |
| Net Profit/(Loss) for the period after tax (after Extraordinary items) | 42.57 | 14.46 | 23.20 |
| Equity Share Capital | 1357.28 | 1357.28 | 1357.28 |
| Reserves (excluding Revaluation Reserves as shown in the Balance Sheet of previous accounting year) | | | |
| Earning Per Share-Basic/Diluted (before extraordinary items) Of Rs.10/- each not annualized) | 0.02 | 0.11 | 0.02 |
| Earning Per Share-Basic/Diluted (after extraordinary items) (of Rs. 10/- each not annualized) | 0.02 | 0.11 | 0.02 |

**Notes :** The above in an extract of the detailed format of Quarterly/Annual Financial Results filed with Stock Exchanges under Regulation 33 of SEBI (Listing obligations and other Disclosure Requirement) Regulation 2015. The Full Format of the Quarterly/Annual Financial Results are available on the Stock Exchanges website (www.bseindia.com) and on the Company's website at www.shukrajewellery.in.

For and on behalf of the Board
Sd/-
Chandrakant Shah
Director
DIN NO. 01188001

Place : Ahmedabad
Date : 30.05.2019



**AROMA ENTERPRISES (INDIA) LIMITED**

88, Ajanta Commercial Center Nr. Income Tax Circle, Ashram Road Ahmedabad - 380009
CIN : L51909GJ1994PLC021482 Website: www.aromaenterprises.in

EXTRACT OF AUDITED FINANCIAL RESULTS FOR QUARTER-IV AND YEAR ENDED ON 31ST MARCH 2019

(Rs. in Lakhs except EPS data)

| Sr. No. | Particulars | Quarter Ended 31/03/2019 (Audited) | Year Ended 31/03/2019 (Audited) | Quarter Ended 31/03/2018 (Audited) |
|---|---|---|---|---|
| 1 | Total Income From Operation | 1559.76 | 3494.42 | 1009.33 |
| 2 | Net Profit for the period (before tax and exceptional items) | (154.33) | 26.75 | 248.21 |
| 3 | Net Profit for the period before Tax (after exceptional items) | (154.33) | 26.75 | 248.21 |
| 4 | Net Profit for the period after tax (after Exceptional items) | (135.42) | 15.69 | 199.02 |
| 5 | Total Comprehesive Income for the period [Comprising Profit for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | (135.42) | 15.69 | 199.02 |
| 6 | Equity Share Capital (Face Value of Rs.10/-each) | 494.04 | 494.04 | 494.04 |
| 7 | Reserve (excluding Revaluation Reserve) as Shown in the audited balance sheet of previous year | - | (87.94) | - |
| 8 | Earning Per Share (EPS) (of Rs. 10/- Each) (for continuing and discontinued operations) not annualised | | | |
| | (a) Basic | (2.74) | 0.32 | 4.08 |
| | (b) Diluted | (2.74) | 0.32 | 4.08 |

Notes:

1 The above is an extract of the detailed format of Quarterly Financial Results for the quarter and year ended on March 31, 2019 filed with the Stock Exchange under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the websites of the stock exchange. website www.bseindia.com.

By Order of the Board
Sd/-
Snehal Ajitbhai Patel
Managing Director (DIN: 03097321)

Place : Ahmedabad
Date: 30-05-2019